Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-4, Continuous Issue-33-34, September October 2025

# શ્રી શંકરલાલ વિરચિત '**अमरमार्कण्डेयम्**' નાટકમાં દાર્શનિક ચિંતન - એક દૃષ્ટિકોણ

- ડૉ. મનોજકુમાર એલ. પ્રજાપતિ

ગુજરાતના આધુનિક નાટકોની શ્રેણીમાં આવતું આ '**अमरमार्कण्डेयम्**' નાટક છે. જેના રચયિતા શ્રી શંકરલાલ[૧] ગુજરાતના કાઠિયાવાડમાં આવેલ પ્રશનોરના વતની છે. તેમના પિતાનું નામ માહેશ્વર ભટ્ટ હતુ. અને ગુજરાતના ભારદ્વાજ ગોત્રોત્પન્ન શૈવ બ્રાહ્મણ હતા. તેમના ગુરુ જામનગરના પ્રખ્યાત શાસ્ત્રી દૈવશિરોમણિ કેશવજી મુરારજી હતા. જેમની પાસેથી તેમણે સિદ્ધાન્તકૌમુદી જેવા વ્યાકરણ ગ્રન્થોનું અને કાવ્યશાસ્ત્રાદિ ગ્રંથોનું ઘણા વર્ષો સુધી અધ્યયન કર્યું. તેમણે '**अमरमार्कण्डेयम्**'[૨] નાટક ઉપરાંત **सावित्रीचरितम्**, **चन्द्रमाचरितम्**, **अनसुयाभ्युदयम्**, **भोगवती भाग्योदयम्**, **गोरक्षाभ्युदयम्**, **ध्रुवाभ्युदयम्** **अध्यात्मरत्नावली**, **श्रीकृष्णचन्द्राभ्युदयम्**, **बालचरितम्**, **महेशप्रणयप्रियः**, **पाञ्चालीचरितम्**, **अरुन्धतीविजयम्**, **कैलाशयात्रा**, **मेघप्रार्थना** વગેરે ગદ્ય, પદ્ય, કથા કે નાટક પ્રકારની વીસેક જેવી કૃતિઓની રચના કરી છે. તેમનો જન્મ સમય ઇ.સ. ૧૮૪૨નો છે.

આધુનિક નાટકકાર શ્રી શંકરલાલની ઇ.સ. ૧૯૧૫માં રચાયેલી '**अमरमार्कण्डेयम्**' કૃતિ અંતિમ કૃતિ મનાય છે, જેના પાંચ અંકો છે. આ કૃતિની રચનાના આધારભૂત ગ્રન્થો '**भागवतपुराण**' અને '**पद्मपुराण**' મનાય છે. ભાગવતપુરાણના બારમા સ્કંધના આધ્યાય ૮ થી ૧૦માં માર્કણ્ડેયઋષિની કથા આવે છે. તે અનુસાર આનું કથાવસ્તુ બાળમુનિ માર્કણ્ડેય મુનિ પર આધારિત છે. બાળમુનિ માર્કણ્ડેયની શિવભક્તિથી પ્રસન્ન થયેલા શિવે તેમને સોળ વર્ષના આયુષ્યમાંથી સાત કલ્પ પર્યન્તનું આયુષ્ય આપ્યું તે આ કૃતિનો પ્રતિપાદ્ય વિષય છે. પદ્મપુરાણના ઉત્તરખંડમાં પણ માર્કણ્ડેયની કથા આવે છે. આ ઉપરાંત મહાભારતના 'વનપર્વ'માં પણ આ કથા આવે છે. અઢારપુરાણોમાં માર્કણ્ડેયઋષિ અને જૈમિની મુનિ વચ્ચે થયેલા સંવાદના આધારે 'માર્કણ્ડેયપુરાણ' ની રચના પણ થયેલી છે. આ ઉપરાંત નારદપુરાણ, મત્સ્યપુરાણ, સ્કંદપુરાણ, કૂર્મપુરાણ, બ્રહ્મપુરાણ વગેરે જેવા દસેક પુરાણોમાં પણ ક્યાંકને ક્યાંક આ પ્રચલિત કથા પ્રાપ્ત થાય છે.

અનપત્યતાથી દુઃખી મૃકુંડમુનિના પત્ની વિશાલાક્ષી (પદ્મપુરાણમાં મરુદ્વતી નામ છે.)પતિ સમક્ષ પોતાની વેદના રજૂ કરે છે અને પુત્ર પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ થવા પ્રેરે છે. પરિણામે મૃકુંડમુનિ પત્ની વિશાલાક્ષી સાથે તપોવનમાં જઇ તપનું આચરણ કરે છે. ત્યારબાદ કૈલાશમાં શતરંજક્રીડા માણી રહેલા શિવ-પાર્વતીનો પ્રસંગ છે જેમાં શિવનું મન પરોવાતું નથી તેથી પાર્વતી તેનું કારણ પુછતાં ત્રણ ત્રણ વર્ષથી તપ આદરી રહેલા મૃકુંડમુનિ અને વિશાલાક્ષીને વરદાન આપવા પાર્વતીને સાથે આવવા જણાવે છે. તે સમયે નારદમુનિ પણ રાધા-કૃષ્ણનો રાસ જોવા માટેનું આવવાનું નિમંત્રણ આપે છે.

આ નાટકની કથાવસ્તુ પર નજર કરીએ તો મૃકુંડમુનિને વરદાન આપવા જતાં વચમાં આવી પડેલા આ નિમંત્રણ પર શિવજી બરાબર વિચાર કરીને વરદાન આપવા તપોવનમાં નારદમુનિને મોકલે છે. નારદમુનિ પાસેથી મુર્ખ દીર્ઘાયુષી કરતાં સર્વજ્ઞ સ્વલ્પાયુષી પુત્રનું વરદાન મેળવી મૃકુંડમુનિ અને વીશાલાક્ષી તપોવનમાં પાછા ફરે છે. શિવના પ્રસાદ રૂપ પુત્રરત્ન પામેલા મૃકૃંડમુનિ તેનું નામ માર્કંડેય રાખે છે. ઉપનયન વગેરે સંસ્કાર કરી બાળકને ઉપમન્યુ જેવા ગુરુને શરણે રાખે છે. સાત વર્ષમાં માર્કણ્ડેય સકલ વેદાદિ વિદ્યામાં પારંગત થઈ જાય છે.ત્યારબાદ તેને ઉપમન્યુ મૃકુંડાશ્રમે પરત લાવે છે અને પુનઃ મહામૃત્યુંજય મંત્રનો ઉપદેશ કરવા માટે તેના માતા-પિતાની અનુજ્ઞાથી કાવેરી તીરે લઈ જાય છે.

અલ્પાયુષી માર્કણ્ડેયનો પરાભવ કરવા રાજ્યક્ષ્મા વગેરે વ્યાધિગણ આવે છે પરંતુ તેઓ સફળ થતા નથી. તે જ પ્રમાણે કાળ અને મૃત્યુ પણ મહામૃત્યુંજય મંત્રના પ્રભાવથી માર્કણ્ડેયને પરાભૂત કરવામાં અસમર્થ બની પરત ફરે છે. બાદમાં સ્વયં યમરાજ મહિષી પર સવાર થઈને માર્કણ્ડેયના પ્રાણ હણવા આવે છે. શિવ સમીપે યમરાજ થોડી ધૃષ્ટતા પૂર્વકની વાણીનો અને વર્તનનો આસરો લે છે. જેથી શિવજી તેની ઝાટકણી કાઢે છે.

અંતે યમે હઠથી કરેલા માર્કણ્ડેયના પરાભવના પ્રતિકારમાં શિવનું પ્રાગટ્ય તથા શિવ દ્વારા આપવમાં આવેલ યમશિક્ષા. ઈન્દ્ર, વરુણ અને કુબેરની પ્રાર્થનાથી યમ પર શિવજી દ્વારા કરવામાં આવેલ અનુગ્રહ (કૃપા) તેમજ શિવભક્તિને કારણે યમરાજ દ્વારા નાખવામાં આવેલા મૃત્યુપાશથી બચી ગયેલા માર્કણ્ડેયને અલ્પાયુષ્યમાંથી દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ થાય છે જે આ પાંચ અંકની કથાવસ્તુ છે.

પ્રસ્તુત લેખમાં '**अमरमार्कण्डेयम्**' નાટકમાં આવતું દાર્શનિક ચિંતન તેના પર મારા વિચારો અહીં વિસ્તાર ભયે ટૂંકમાં રજૂ કરવા જઈ રહ્યો છું. જે નીચે પ્રમાણે છે.

શ્રી શંકરલાલ નાટ્યકાર હોવાની સાથે સાથે પુરાણોના જ્ઞાતા અને સારા એવા દાર્શનિક પણ હતા. '**अमरमार्कण्डेयम्**' નાટકનો વિચાર કરીએ તો આપણને એવું લાગશે કે આ નાટકનું મુખ્ય કેન્દ્રબિન્દુ દાર્શનિકતા જ છે. આ નાટકમાં રાધા-માધવ રહસ્યનો પ્રસંગ અને રાસલીલા પ્રસંગમાં આ દાર્શનિકતા સુપેરે જોવા મળે છે. પ્રસ્તુત નાટકનો ત્રીજો અંક દાર્શનિકતાથી ભર્યો ભર્યો છે. આ અંકમાં દાર્શનિક તત્ત્વચિંતન પર વધારે પડતો ભાર આપ્યો હોય તેવું ઉડીને આંખે વળગે છે.

પ્રસ્તુત નાટકમાં અદ્વૈત દર્શનનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય તેમ પણ જણાયી આવે છે. અહીં તૃતીય અંકમાં ભગવાન શિવ અને શ્રીકૃષ્ણનું ઐક્ય દર્શાવવાનો પ્રયાસ કવિ દ્વારા થયો છે. શિવ અને શ્રીકૃષ્ણની અભેદતાના દર્શન કવિએ કરાવ્યા છે. જેમકે ભગવાન શિવ કહે છે કે – 'ઉપચાર બંધ કરો તમારો અને મારો આત્મા એક જ છે. આપણે માત્ર દેહથી જ ભિન્ન છીએ, વાસ્તવમાં આપણાં બન્નેનું હૃદય એક જ છે.'

"**अलमलमुपचरैस्त्वं ममास्यन्तरात्मा ।**

**हृदयमिव परं मे देहमात्रेण भिन्नः ।।**"[3]

શ્રીકૃષ્ણ પણ ભગવાન શિવને પોતે અને શિવ બન્ને એક જ છે, એમ કહે છે. તેઓ શિવને કહે છે કે આપણા બન્નેનું જે એકત્વછે તે જ તત્ત્વજ્ઞ છે.

**"एक्यमेव न भेदः श्रीसदाशिव ! सदाऽऽवयोः ।**

**आवयोरैक्यतत्त्वज्ञस्तत्त्वज्ञपदमाप्नुयात् ।।"** [४]

અહીં ભગવાન શિવ અને શ્રીકૃષ્ણના આત્મતત્ત્વનું ઐક્ય સાધી અદ્વૈત રચ્યો છે. આ સૃષ્ટિનું એક માત્ર વિલસતું પરમતત્ત્વ હોય તો તે છે પરબ્રહ્મ પરમેશ્વર. આ બ્રહ્માંડમાં વિલસતી નામરૂપ વિવિધતા વાસ્તવમાં એક જ પરમ ચૈતન્યતત્ત્વ રૂપ છે. સૃષ્ટિના કણ કણમાં ધબકતું આ સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મતત્ત્વ અને માનવીમાં રહેલું આત્મતત્ત્વ વાસ્તવમાં એક જ છે. આ એ જ ચૈતન્ય છે જે આત્મચેતનાના સ્વરૂપે બધે વિલસી રહ્યું છે.તેમાં કોઇ ભેદ નથી. માત્ર એકની જ અનેકતામાં અનન્ય વિભૂતિ રહેલી છે.

સર્વોચ્ચ બ્રહ્મ એક જ છે અને આ સમગ્ર બ્રહ્માંડ એક જ બ્રહ્મનું સ્વરૂપ અને વિસ્તરણ છે. બ્રહ્મ, ઈશ્વર, આત્મા, પરમાત્મા આ બધા શબ્દો દ્વારા એક જ તત્ત્વનો નિર્દેશ થાય છે અને તે છે પરબ્રહ્મ પરમેશ્વેર. આ બ્રહ્મ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે. બ્રહ્મની સત્તાથી જ આખું જગત ભર્યું ભર્યું લાગે છે. આ જગતમાં જે કંઈ સઘળું છે તેમાં ઈશ્વરનો વાસ (નિવાસ) છે. **ईशावास्यमिदं सर्वं यत्किञ्यत्किञ्च जगत्यां जगत् ।**[५] બ્રહ્મને કે પરમતત્ત્વને અણુથીયે સુક્ષ્મ અને મહાનથીય મહાન કહેવામાં આવ્યું છે. આમ, આખુંય બ્રહ્માંડ એક જ બ્રહ્મમય છે.[૬] આ જ વાત કવિએ ભગવાન શિવ અને શ્રીકૃષ્ણના ઐક્ય દ્વારા દર્શાવી, બતાવી છે.

કવિએ નારદમુનિના મુખે શ્રીકૃષ્ણના પારદાર્ય દોષની શંકા કરાવી શ્રીપાર્વતીના મુખે અનુચ્છિષ્ટ કલ્પના વડે એ શંકાનો પરિહાર કરાવીને માયાજન્ય અજ્ઞાનની વાત કવિ અહીં કરવા માંગે છે. અજ્ઞાનથી શરુ થયેલો સમગ્ર જડસમૂહ અવસ્તુ છે. બ્રહ્મને બદલે જડસમૂહ દેખાય તે ભ્રાન્તિ કે અધ્યારોપ છે. જેમ પાણીમાંથી જ જન્મેલી શેવાળને કારણે વાવમાં રહેલું નિર્મળ પાણી જોઇ શકાતું નથી. તેવી જ રીતે માયાજન્ય અજ્ઞાનને કારણે આત્મા દેખાતો નથી. પરંતુ જો આ શેવાળને દુર કરવામાં આવે તો ? તત્ક્ષણ તેમાં એટલેકે વાવમાં રહેલું આનંદપ્રદ નિર્મળ અને શીતળ જળ જોઇ શકાય છે. આ જ બાબત પરમાત્મા માટે પણ છે. એટલેકે જો આત્માને આચ્છાદિત કરનાર આજ્ઞાન રૂપી અંધકાર જો દુર કરવામાં આવે છે તો, નિર્મળ, અવિનાશી અને સ્વયંપ્રકાશ સ્વરૂપ પરમાત્માના દર્શન થાય છે. આથી જ જ્યારે નારદમુનિ પણ મુદ્રિકામાં નજર કરે છે ત્યારે આખુંય રાસમંડળ એક કૃષ્ણથી જ વ્યાપેલું નજરે પડે છે.

**राधिकां राधिकामन्तरे माधवो**

**माधवं माधवं चान्तरे राधिका ।**

**राधिकामाधवाभ्यामिदं मण्डलं**

**व्याप्तमाभाति मे नापराङ्गना ।।**[૭]

અર્થાત્ બે રાધાની વચ્ચે એક કૃષ્ણ અને બે કૃષ્ણની વચ્ચે એક રાધા રાસ રમી રહ્યાં છે. રાધા અને કૃષ્ણ સિવાય બીજું અન્ય કોઇ દેખાતું નથી. આથી પાર્વતી પણ નારદમુનિને કહે છે કે આ કૃષ્ણ એક જ પરમતત્ત્વ છે. એનાથી અન્ય જગત મિથ્યા છે. આ રાધિકા તેની જ પરશક્તિ રૂપા છે. જેના થકી આ નાવિન્યથી સભર આવિશ્વની રચના કરી છે.[૭]

"**ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।**" નું તાત્પર્ય એ છે કે જગતના સઘળાં પદાર્થોમાં તેમના મૂળ તત્ત્વરૂપે રહેલું તત્ત્વ એક જ છે અને બ્રહ્મની પ્રકૃતિ રૂપે રહેલું વિકારી જગત મિથ્યા છે. ભૌતિક બ્રહ્માંડ તો માત્ર ભ્રમ છે. જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી જ જગત જગત રૂપે દેખાય છે. જ્યારે પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થતાં બ્રહ્મ જ એક પારમાર્થિક સત્ય છે તેનું જ્ઞાન થાય છે. જ્યારે જગતના અણું એ અણુંમાં ઈશના દર્શન થાય ત્યારે માનસને સાચા અર્થમાં પરમાત્માની અનુભૂતિ થવા લાગે છે. "**सत्यं ज्ञानमनन्तं ब्रह्मः ।**"[૮]

કવિશ્રી શંકરલાલે અદ્વૈત મતાનુસાર તત્ત્વની વ્યાખ્યા આપવાની સાથે સાથે સાધના માર્ગને પણ ભક્તિના માધ્યમથી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. બંધન દૂર કરવાનો માર્ગ ભક્તિ છે. પોતાના કર્તવ્ય કર્મોથી ઈશ્વરની પૂજા કરીને ઈશ્વર માટે કર્મ કરતો મનુષ્ય મોક્ષ પામે છે. તત્ત્વજ્ઞાન માટે ભક્તિ માર્ગનો જ આશ્રય લેવો જોઇએ. પોતાના મતની પુષ્ટિ કરવા માટે કવિએ શિવભક્તિ તથા કૃષ્ણભક્તિનો સહારો લીધો છે. આ નાટકમાં કવિએ શિવ અને શ્રીકૃષ્ણની અગાધ ભક્તિનું નિરૂપણ કરીને સમગ્ર નાટકને ભક્તિરસથી તરબોળ કર્યું છે.

શ્રીકૃષ્ણ શિવને કહે છે કે તમારો ભક્ત મારામાં ભક્તિ રાખે અને મારો ભક્ત તમારામાં ભક્તિ રાખે તે જ સાચો ભક્ત.

"**न मद्भक्तोऽपि मद्भक्तो यस्त्वभक्तस्त्वयीश्वरे ।**
**न ते भक्तोऽपि ते भक्तो यस्त्वभक्तो मयि प्रभो ।।**"[૯]

આ રીતે કવિશ્રી શંકરલાલે અદ્વૈત વેદાન્તના તત્ત્વ પર પ્રકાશ પાડતાં કહેવા માંગે છે કે આ બ્રહ્મ એક જ અંતિમ સત્ય છે. તે તેજોમય, ચિદાનંદમય અને નિરંજન નિરાકાર છે. આ પરમતત્ત્વ નિતાન્ત નિર્મલ, સ્વયંપ્રકાશિત અને આનંદસ્વરૂપ છે.

આમ, પ્રસ્તુત નાટકમાં કવિએ સંક્ષિપ્ત પરંતુ ગૂઢ રૂપમાં યત્ર તત્ર દાર્શનિક વિવેચન આપી નાટકની ગુણવત્તામાં વધારો કર્યો છે. બૌદ્ધિક અને દાર્શનિક તત્ત્વનો નિચોડ પણ પ્રસ્તુત નાટકમાં પથરાયેલો છે. જે દાર્શનિક તત્ત્વ સામાન્ય સહૃદયથી પણ સહેલાઇથી પામી શકાય તેમ છે. અન્ય સહૃદયોયે પણ આપણા ગુજરાતના ગૌરવવંતા આ આધુનિક કવિ શ્રી શંકરલાલ રચિત અન્ય કૃતિઓ પર પણ વિચાર વિમર્શ કરવો રહ્યો.

# પાદટીપ #

**१. अमरमार्कण्डेयम् अङ्क – ३ श्लोक- ५**

२. **अमरमार्कण्डेयम्  अङ्क – ३ श्लोक- ७०**

३. **सर्वम् हि एतद् ब्रह्म अयमात्माब्रह्म । - मुण्डकोपनिषद् १/२**

४. **ईशावास्योपनिषद्  श्लोक -१**

५. **सर्वं खल्विदं ब्रह्म । ३/१४/१**

६. **अमरमार्कण्डेयम्  अङ्क – ३ श्लोक- ३३**

७. **कृष्णचन्द्रोऽस्त्येकः परं तत्त्वमिदं मृषाऽन्यत् ।**

**शक्तिः परा चास्य तु राधिकेयं यथा विचित्रं रचितं हि विश्वम् ।।**

**अमरमार्कण्डेयम्  अङ्क – ३ श्लोक- ४०**

८. **तैत्तिरीयोपनिषद्, ब्रह्मानंदवल्ली, २/१**

९. **अमरमार्कण्डेयम्  अङ्क – ३ श्लोक- ७१**

@ સંદર્ભ ગ્રન્થો @


- **अमरमार्कण्डेयम् । (महामहोपाध्याय श्री शङ्करलाल शास्त्री ।)**

  સંપાદક:- ખેલશંકર શર્મા.

  પ્રકાશન વર્ષ : સંવત્ ૧૯૮૯, ઈ.સ. - ૧૯૩૩

  પ્રકાશન : આતંક નિગ્રહ મુદ્રાલય, જામનગર.

- **मुण्डकोपनिषद् ।**

  સંપાદક:- ડૉ. હર્ષદેવ માધવ

  પાંચમી આવૃત્તિ ૨૦૧૬

  પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન – અમદાવાદ

- **ईशावास्योपनिषद् ।**

  સંપાદક:- પ્રો.એન.આર. પાટીદાર

  પાંચમી આવૃત્તિ ૨૦૧૬

  પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન – અમદાવાદ

ડો. મનોજકુમાર એલ. પ્રજાપતિ
એસોસિયેટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ
સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ – હારીજ.